For live updates : Like /Gujaratmitra | Follow /Gujaratmitra | /Gujaratmitr | Subscribe /Gujaratmitra | /Gujaratmitra | www.gujaratmitra.in

### કામરેજના પાસોદરા પાટિયા નજીક નકલી તેલ બનાવવાનું કારખાનું ઝડપાયા બાદ હવે

# સોયાબીનના તેલનું સિંગતેલના નામે વેચાણ

**ઉમરા**-ઓલપાડ રોડ પર બે કારખાના પર CID ક્રાઇમનો સપાટો, રૂ.૩૫.૪૦ લાખનો મુદ્દામાલ જપ્ત

**વિવિધ** બ્રાન્ડનાં સ્ટિકર્સ લગાવેલા ડબ્બા અને પેકિંગ મશીન મળ્યાં

સુરતઃ હજુ ગઈકાલે જ કામરેજના પાસોદરા પાટીયા નજીક નકલી તેલ બનાવવાનું કારખાનં પકડાયા બાદ હવે ઉમરા-ઓલપાડ રોડ પર આવેલા બે ઓઈલના કારખાનામાં સોયાબીનના તેલને સનફ્લાવર તથા સિંગતેલના નામે પેકિંગ કરી વેચાણ કરવામાં આવતું હોવાની બાતમીના આધારે CID ક્રાઈમની CI સેલે કાર્યવાહી કરી હતી. તપાસ દરમિયાન બંને કારખાનામાંથી વિવિધ બ્રાન્ડના સ્ટીકર લગાવેલા તેલના ડબ્બા, લેબલ વગરના ડબ્બા-બોટલો, સોયાબીનનો જથ્થો તેમજ પેકિંગ મશીનો સહિત કુલ રૂપિયા ૩૫.૪૦ લાખથી વધુનો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો છે.



CID ક્રાઈમની CI સેલને મળેલી બાતમીના આધારે તા.૧૪ સપ્ટેમ્બરે ઉમરા ઓલપાડ રોડ સ્થિત દ્વારકેશ ઈન્ડસ્ટ્રીયલ વિભાગ એક અને બેમાં આવેલા શિવભૂમિ એન્ટરપ્રાઈઝ અને મારૂતિ ઓઈલ એન્ડ ફૂડ્સ નામના બે કારખાનામાં તપાસ હાથ ધરવામાં આવી હતી. શિવભૂમિ એન્ટરપ્રાઈઝમાં હાજર પાર્થ દેવચંદભાઈ ભંડેરી (રહે., ત્રિલોક રેસિડેન્સી, કામરેજ, મૂળ અમરેલી) કારખાનું ચલાવતો હોવાનું તથા શિવાભાઈ વઘાસીયા સેલ્સ મેનેજર તરીકે કામ કરતો હોવાનું જણાવ્યું હતું.

તપાસ દરમિયાન શિવભૂમિ એન્ટરપ્રાઈઝમાંથી સનફ્લાવર ઓર્ગેનિક રિફાઈન્ડ ઓઈલના સ્ટીકર લગાવેલા ૧૩ કિલોના ડબ્બા, સ્ટીકર વગરના તેલના ડબ્બા તથા વિવિધ ટાંકામાં ભરેલું કુલ ૮,૨૧૪ કિલો જેટલું સોયાબીન મળી આવ્યું હતું. આ ઉપરાંત મહાલક્ષ્મી રિફાઈન્ડ સોયાબીન તેલ, ખોડલ રિફાઈન્ડ સોયાબીન તેલ, સન ગોલ્ડ રિફાઈન્ડ સનફ્લાવર તેલ, શ્રી ગણેશ સિંગતેલ સહિતના વિવિધ બ્રાન્ડના સ્ટીકરોનો જથ્થો પણ મળી આવ્યો હતો.

કારખાનામાંથી ખાલી ડબ્બા,

...અનુસંધાન પાના 4 પર

### ગ્રાહકોના સ્વાસ્થ્ય સાથે ચેડાં કરવામાં આવ્યા છે કે કેમ તે અંગે તપાસ

બંને સ્થળેથી મળી આવેલા તેલના નમૂનાઓ ફૂડ સેફ્ટી અધિકારી દ્વારા લેવામાં આવ્યા હતા. પોલીસ દ્વારા પણ સેમ્પલ લઈ સીલ કરવામાં આવ્યા છે. સોયાબીન તથા તેલના નમૂનાઓને વધુ તપાસ માટે ફૂડ એન્ડ ડ્રગ્સ વિભાગને મોકલવાની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. પોલીસના જણાવ્યા મુજબ, બંને કારખાનામાંથી કુલ રૂપિયા ૩૫,૪૦,૯૭૭નો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો છે અને જાણવા જોગ ફરિયાદ લઈ વધુ તપાસ

...અનુસંધાન પાના 4 પર

# ગેરકાયદે બનેલા માળિયાને કારણે સાલાસર માર્કેટમાં ભીષણ આગ

**સારોલીની** આ માર્કેટમાં માળિયામાં ભરેલા કાપડના જથ્થાથી આગ વિકરાળ બની, ચાર દુકાન ચપટે

25 ફાયર ગાડી અને 100થી વધુ જવાને ચાર કલાકે આગ કાબૂમાં લીધી



સુરત: સારોલી વિસ્તારમાં કાપડ માર્કેટ્સમાં આગની ઘટનાઓનો સિલસિલો યથાવત રહેતાં બુધવારે સવારે આઠ માળની સાલાસર ટેક્સટાઇલ માર્કેટના પાંચમા માળે ભીષણ આગ ફાટી નીકળી હતી. આગના પગલે માર્કેટમાં વેપારીઓ, કારીગરો સહિત લોકોમાં નાસભાગ મચી ગઈ હતી. આગની ગંભીરતાને પગલે ફાયર વિભાગે બ્રિગેડ કોલ જાહેર કરી 15 ફાયર સ્ટેશનની આશરે 25

...અનુસંધાન પાના 4 પર

### શટર અને ડોમનાં પતરાં તોડી લાશ્કરો પ્રવેશ્યા

માર્કેટમાં આગનો ધુમાડો બહાર નીકળવા માટે પૂરતું વેન્ટિલેશન પણ ન હોવાના કારણે ફાયર જવાનોની મુશ્કેલીમાં વધારો થયો હતો. આગના સ્થળ સુધી પહોંચવા માટે ફાયર જવાનોએ દુકાનના

...અનુસંધાન પાના 4 પર

### માર્કેટની ફાયર ટાંકીમાં પાણી, ડીઝલ પંપમાં બેટરી નહોતી: ફાયરે માર્કેટ નોટિસ આપી બંધ કરાવી

સારોલીના સાલાસર ટેક્સટાઇલ માર્કેટમાં લાગેલી ભીષણ આગની ઘટનાએ ફરી એકવાર ફાયર સેફ્ટીની વ્યવસ્થાની પોલ ખોલી છે. માર્કેટમાં આગ બુઝાવવા માટે ફાયર સેફ્ટીની પેટીઓ તો લગાવવામાં આવી હતી, પરંતુ અનેક પેટીઓમાં હોઝ પાઇપ જ જોવા મળ્યા નહોતા. કેટલીક જગ્યાએ ફાયર ફાઇટિંગ સિસ્ટમનાં સાધનો કાટ ખાઈ ગયેલી હાલતમાં નજરે પડ્યાં હતાં. એટલુ જ નહી આગની ઘટના વખતે કામ આવે તે માટે ફાયર સેફ્ટીના નિયમો મુજબ બનાવાયેલી પાણીની ટાંકી ખાલી હતી અને ડીઝલ પંપમાં પણ બેટરી નહોતી. ફાયર સેફ્ટીની અમલવારીમાં છીંડાં નજરે પડતાં ફાયર

...અનુસંધાન પાના 4 પર



# શિક્ષકપુત્રનીનજરસામેજ પિતાને કારે કચડી નાંખ્યા

**અલથાણમાં** પુત્રએ મોપેડ પરથી ઉતાર્યા ત્યાં જ કારની ટક્કરે ૬૯ વર્ષીય વૃદ્ધનું મોત, કારચાલક ફરાર

સુરતઃ અલથાણ વિસ્તારમાં મંગળવારે સવારે એક કાળજું કંપાવી દેનારો હિટ એન્ડ રનનો કિસ્સો સામે આવ્યો છે. જેમાં સ્કૂલે જવા નીકળેલા શિક્ષક પુત્રએ પોતાના પિતાને એક્ટિવા પર બેસાડીને અલથાણ ચોકડી પાસે ઉતાર્યા જ હતા, ત્યાં જ પૂરપાટ ઝડપે આવેલી એક અજાણી લાલ કલરની ફોરવ્હીલરે વૃદ્ધ પિતાને જોરદાર ટક્કર મારી હતી. આ ગોઝારા અકસ્માતમાં વૃદ્ધના માથાના ભાગે ગંભીર ઈજાઓ પહોંચતા તેમનું મૃત્યુ નીપજ્યું હતું.

ભટારના સુયોગનગર પાસે આવેલી સહકારનગર સોસાયટીમાં રહેતા ૨૩ વર્ષીય વિવેક ઉમેદભાઈ ચાવડા પાંડેસરા સ્થિત આઈ.જે. ડાવલે સ્કૂલમાં શિક્ષક તરીકે નોકરી કરે છે. ગત તા. ૧૫/૦૯/૨૦૨૬ ના રોજ સવારના આશરે પોણા નવેક વાગ્યે તેમના ૬૯ વર્ષીય પિતા ઉમેદભાઈ કાનજીભાઈ ચાવડા સિલાઈ મશીન રિપેરિંગના કામે જવા માટે ઘરેથી નીકળ્યા હતા. આ જ સમયે વિવેક પોતાની એક્ટિવા (GJ-05-SX-9728) લઈને નોકરી પર જવા નીકળ્યો હતો. રસ્તામાં પિતા ચાલતા જતાં દેખાતા તેણે પિતાને એક્ટિવા પાછળ બેસાડી લીધા હતા. સવારે નવેક વાગ્યે અલથાણ ચોકડી પાસે જાહેર રસ્તાની બાજુમાં પિતા ઉમેદભાઈને નીચે ઉતાર્યા હતા. તે જ વખતે પાછળથી પૂરઝડપે અને ગફલતભરી રીતે ધસી આવેલી અજાણી લાલ કલરની ફોરવ્હીલરના ચાલકે ઉમેદભાઈને જોરદાર ટક્કર

...અનુસંધાન પાના 4 પર

# લૂંટના ઈરાદે ઘૂસેલી મહિલાએ સગીર પુત્રની સામે વૃદ્ધાની હત્યા કરી હતી

**નાનપુરાના** મોનાલીસા એપાર્ટમાં ઘૂસેલી મહિલાએ ઈસ્ત્રીના ઘા મારી વૃદ્ધાનું ગળું દબાવ્યું

**પુત્ર** આમ ન કરવા સમજાવતો રહ્યો, પણ મહિલા ન માની



સુરતઃ નાનપુરા વિસ્તારમાં આવેલા મોનાલીસા એપાર્ટમેન્ટમાં એકલવાયું જીવન જીવતાં ૮૪ વર્ષીય વૃદ્ધા આમેના ઉર્ફે એમીબેન મોતીવાલાની હત્યાનો ભેદ અઠવાલાઈન્સ પોલીસે ગણતરીના દિવસોમાં ઉકેલી કાઢ્યો છે. લૂંટના ઈરાદે મકાન ભાડે લેવાના બહાને

...અનુસંધાન પાના 4 પર

### માતા લોહિયાળ ખેલ ખેલતી રહી ને સગીર પુત્ર ના પાડતો રહ્યો

પોલીસ તપાસમાં એક ચોંકાવનારો ખુલાસો થયો છે. છાયાબેન જ્યારે વૃદ્ધા પર ઇસ્ત્રી વડે હુમલો કરી ગળું દબાવી રહી હતી, ત્યારે તેનો સગીર પુત્ર આ દૃશ્ય જોઈ હતપ્રભ થઈ ગયો હતો. પુત્રએ માતાને આવું પાપ ન કરવા અને તાત્કાલિક ત્યાંથી ભાગી જવા માટે

...અનુસંધાન પાના 4 પર

### કેરટેકરનું કામ બંધ થતાં પૈસાની જરૂરિયાતમાં ચોરીનો નિર્ણય

પોલીસના જણાવ્યા મુજબ આરોપી મહિલા છેલ્લા કેટલાક સમયથી તેના ભાઈના ઇન્દ્રનીલ એપાર્ટમેન્ટમાં રહેતી હતી. તેની બહેન અને ભાઈ પણ એ જ એપાર્ટમેન્ટમાં અલગ-અલગ ફ્લોર

...અનુસંધાન પાના 4 પર

### અઠવાડિયા બાદ પુત્રને સાથે લઈ પહોંચી, દાગીના ચોરવામાં નિષ્ફળ રહી

પોલીસના જણાવ્યા મુજબ ચોરીનો પ્લાન બનાવ્યા બાદ મહિલા આશરે એક અઠવાડિયા પછી પોતાના સગીર પુત્રને સાથે લઈને મોનાલીસા એપાર્ટમેન્ટમાં પહોંચી હતી. અગાઉ મકાન જોવા આવી હોવાનું કહી તે આમેનાબેનના ફ્લેટમાં પ્રવેશી હતી. દરમિયાન મહિલાએ

...અનુસંધાન પાના 4 પર

### સુરતને થોડા-થોડા વખતે પકડાવાતી માત્ર 'લોલીપોપ'

# વંદેભારતના નામે સુરતીઓને ફરી ઠેંગો દેખાડાય તેવા સંજોગો

**વંદેભારતના મેઈન્ટેનન્સ માટે સુરતમાં સ્ટાફ અને સુવિધા જ નથી, રેલવેએ બોર્ડને પત્ર લખીને સુરત કોચિંગ ડેપોની પોલ ખોલી**




**હવે** ઈન્દોર-સુરતની જેમ ઉદયપુર-સુરતની વંદેભારત પણ સપનામાં જ દોડે તેવા એંધાણ

સુરતઃ થોડા દિવસો પહેલાં ઉદયપુર-સુરત વચ્ચે વંદેભારત ટ્રેન દોડાવવાની મોટા ઉપાડે જાહેરાત કરાઈ હતી, પરંતુ હવે આ ટ્રેન શરૂ થવા સામે ગંભીર સવાલ ઉભા થયા છે. વર્ષ 2023 બાદ 2026માં ફરી એકવાર સુરતીઓને વંદેભારતના સપના દેખાડી આશાઓ પર પાણી ફેરવવાનું કામ કરવામાં આવી રહ્યું હોવાની સ્થિતિ ઉદ્દભવી છે.

પ્રાપ્ત માહિતી મુજબ સુરતને

...અનુસંધાન પાના 4 પર

### સિટિઝન ફોરમે સવાલ ઉઠાવ્યા, સરવે વિના જાહેરાત કેમ કરી?

આ પત્ર બહાર આવ્યા બાદ મંગળવારે દિવસભર ઘમાસાણ મચ્યું હતું. સુરત-ઉધના રેલવે સ્ટેશન સિટીઝન ફોરમના સંજય જૈને સવાલ ઉઠાવ્યો છે કે જો ઘોષણા પહેલા યાત્રીઓની માંગ, સ્ટેશન ક્ષમતા અને ટેકનિકલ સર્વે થયો હતો તો હવે ખામીઓ કેમ દેખાય છે? ફોરમે સર્વે રિપોર્ટ જાહેર કરવા અને સમયબદ્ધ કાર્યયોજના જાહેર કરવાની માંગ કરી છે.

### યાત્રી સંઘે ત્રણ વિકલ્પ સૂચવ્યા

યાત્રી સંઘે ટ્રેન રદ કરવાને બદલે સુરતથી જ ચલાવવા માટે 3 વિકલ્પ સૂચવ્યા છે. પહેલો સુરતથી ટ્રેન શરૂ કરી મેન્ટેનન્સ મુંબઈ સેન્ટ્રલ કે સાબરમતીમાં કરાવવું, બીજો ઉદયપુરમાં સુવિધા હોવાથી ત્યાં મેન્ટેનન્સ રાખી રન-ડે બદલવો અને ત્રીજો, ઉધનાની ઇલેક્ટ્રિફાઇડ પીટ લાઇન-1 પર જરૂરી સાધનો મૂકી સુવિધા વિકસાવવી. સંઘનું કહેવું છે કે કાયમી સુવિધા બને ત્યાં સુધી વૈકલ્પિક વ્યવસ્થાથી સેવા શરૂ થવી જોઈએ.

### 2023માં કેન્દ્રીય રેલમંત્રીએ ઈન્દોર-સુરતની વંદેભારતનાં સપનાં દેખાડ્યાં હતાં

રેલવે સુરતીઓને માત્ર સપના જ દેખાડે છે. આ અગાઉ વર્ષ ૨૦૨૩માં પશ્ચિમ રેલવે દ્વારા ઉધનાથી ઈન્દોર વચ્ચે વંદે ભારત એક્સપ્રેસ શરૂ કરવાનો ઉત્સાહજનક પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો હતો. તે સમયે સંભવિત સમયપત્રક અને રૂટ પણ જાહેર કરી દેવાયા હતા, જેમાં આ ટ્રેન ભરૂચ, વડોદરા, રતલામ અને ઉજ્જૈન થઈને દોડવાની હતી. એટલું જ નહીં, રેલવે મંત્રી અશ્વિની વૈષ્ણવ દ્વારા રતલામ મંડળની સમીક્ષા બેઠકમાં ઈન્દોરથી સુરત અને મુંબઈ માટે સ્લીપર વંદેભારત ટ્રેન શરૂ કરવાના સંકેતો પણ આપવામાં આવ્યા હતા. પરંતુ, આશ્ચર્યની વાત એ છે કે આ મોટા-મોટા દાવાઓ અને વચનો માત્ર કાગળ પર જ

...અનુસંધાન પાના 4 પર

# સુરત APMCમાં મણ લીંબુનો ભાવ રેકોર્ડબ્રેક રૂપિયા 4,000

**શોર્ટ** સપ્લાયને કારણે એક જ મહિનામાં 20 કિલો A-વન લીંબુના ભાવમાં રૂ.1,000થી 1,500નો ઉછાળો



સુરતઃ મહારાષ્ટ્ર, સૌરાષ્ટ્ર, તેલંગાણા, આંધ્રપ્રદેશ અને કર્ણાટકથી સુરત APMC માર્કેટમાં આવતી લીંબુની આવક ઘટતાં તેના ભાવમાં અસહ્ય વધારો નોંધાયો છે. બુધવારે સુરત APMCમાં મણ એટલે કે 20 કિલો A-વન ગુણવત્તાના લીંબુનો ભાવ રેકોર્ડબ્રેક રૂ.4,000 બોલાયો હતો. જ્યારે નાની ગુણવત્તાના લીંબુનો 20 કિલોનો ભાવ રૂ.1,600ની આસપાસ રહ્યો હતો.

સુરત APMCના ડિરેક્ટર બાબુભાઈ શેખે જણાવ્યું હતું કે, શોર્ટ સપ્લાયને કારણે માત્ર એક

...અનુસંધાન પાના 4 પર

### ગુજરાતના પરંપરાગત ઉત્પાદક વિસ્તારોમાંથી આવક ઘટી

બાબુભાઈ શેખે વધુમાં જણાવ્યું હતું કે, એક સમયે ગુજરાતના કડી, કલોલ, મહેસાણા, પાદરા, નડિયાદ, નરસંડા તેમજ સૌરાષ્ટ્રના ભાવનગર જેવા વિસ્તારોમાંથી સુરત માર્કેટમાં લીંબુની નોંધપાત્ર આવક થતી હતી. જોકે, હવે આ

...અનુસંધાન પાના 4 પર


અવસાન/શ્રધ્ધાંજલિની જાહેરાત ઘર બેઠા આપવા માટે સંપર્ક કરો
M.81539 99901
ગુજરાતમિત્ર



પાટીદાર અવસાન / પ્રાર્થના સભા



દિલગીરી સહ જણાવવાનું કે રતનબેન ભીખાભાઈ પટેલનું તા. ૧૫-૦૯-૨૦૨૬ ના રોજ સાંજે ૭:૧૫ વાગ્યે દુઃખદ અવસાન થયેલ છે, પ્રભુ એમના આત્માને શાંતિ અર્પે એવી પ્રાર્થના.

|| સદ્‌ગતની પ્રાર્થના સભા ||
તા. ૧૯-૦૯-૨૦૨૬, શનિવારના રોજ બપોરે ૨:૩૦ કલાકે સ્થળ: પાટીદાર મહોલ્લો, પેરા, તા. જી. નવસારી મુકામે રાખવામાં આવેલ છે. (લૌકીક રિવાજ બંધ છે.)

સ્વ. રતનબેન ભીખાભાઈ પટેલ
જન્મ તા.22/06/1934
સ્વ. તા. 15/09/2026

|| શોકાતુર ||
કિરીટ ભીખાભાઈ પટેલ (પુત્ર)
મો.: ૯૬૨૪૫ ૯૧૯૫૩
અશોક ભીખાભાઈ પટેલ (પુત્ર) (ન્યુઝીલેન્ડ)



આઠમી પુણ્યતિથિએ શ્રદ્ધાંજલિ




આત્માને ના જન્મ, ના મૃત્યુ; ના આદિ, ના અંત.
આત્મા અજન્મ, અમર અને સનાતન સદાય.
દેહ પામે નાશ ત્યારે પણ, આત્મા તો અવિનાશી.
ભગવદ્ ગીતા (અધ્યાય ૨, શ્લોક ૨૦)

સ્વ. જયશ્રીબેન હીરાલાલ ખીલાવાલા
ભાદરવા સુદ છઠ્ઠ સં. ૨૦૭૪
જન્મ :- ૨૨-૦૭-૧૯૫૬
સ્વ. :- ૧૫-૦૯-૨૦૧૮

પ્રેમાળ સ્મૃતિમાં
હીરાલાલ જમીયતરામ ખીલાવાલા
સોહમ, મિસરી, એંજલ, નીલ, કાશ્મીરા, ભાવેશકુમાર, આરતી, જતીન
સ્વ. જમીયતરામ મગનલાલ ખીલાવાલા પરિવાર
પીયર પક્ષ
સ્વ. ઠાકોરદાસ રણછોડદાસ જરીવાલા (બોમ્બેલેશ પરિવાર)



જય સ્વામીનારાયણ
સ્મૃતિ સભા



સ્વ. નરસિંહભાઈ ગંગાજલીયા
સ્વ. તા. 15-09-2026
દિલગીરી સાથે જણાવવાનું કે નરસિંહભાઈ ગંગાજલીયાએ તા. 15-09-2026 ના રોજ અક્ષરધામ પ્રયાણ કર્યું છે.
સ્મૃતિ સભા
તા.: 18-09-2026 ને શુક્રવારે, સમય : સાંજે 4 થી 6 દરમિયાન
સ્થળ : લાયન્સ ક્લબ હોલ,લાલજી નગર, અડાજણ રોડ, સૂરત.
-: શોકસંતપ્ત પરિવારજનો :-
વિમળાબેન ગંગાજલીયા
ચંદ્રેશ - સોનલ - રુદ્રાક્ષ
મંજરી - ધ્રુવ - મીના - મેધના - મિહિર - કવિત



ચોથી પુણ્યતિથિએ ભાવભીની શ્રદ્ધાંજલિ



સ્વ. મોહનલાલ અંબારામ માંડવીવાલા
સ્વ. તા. ૧૭-૦૯-૨૦૨૨
જીવન એવું જીવી ગયા કે ભૂલાય નહીં, વિદાય એવી લીધી કે વિસરાય નહીં, દુઃખથી ડર્યા નહીં, સુખથી છલકાયા નહીં, ધર્મ કદી ભુલ્યા નહીં, વ્યવહાર કદી ચુકયા નહીં, સુખ દુઃખમાં સદા હસતા રહ્યાં.
પ્રભુ આપના પવિત્ર આત્માને હંમેશા ચિર શાંતિ આપે એજ પ્રાર્થના.
સ્વ. ભારતીબેન મોહનલાલ માંડવીવાલા
કવિતા વિનય પટેલ વિનય ભાનુભાઈ પટેલ
રીમા વિપુલ કપુર વિપુલ અરૂણકુમાર કપુર
આર્યન વિપુલ કપુર
તથા સમસ્ત માંડવીવાલા પરિવાર



પ્રથમ પુણ્યતિથિએ અશ્રુભીની શ્રદ્ધાંજલિ



સ્વ. તુષારભાઈ (લાલુ) દિનેશભાઈ ચેલાભાઈ પટેલ
સ્વ. તા. ૧૫/૦૯/૨૦૨૫
રડી પડે છે આંખો અમારી, તસ્વીર જોઈ તમારી, દરેક પ્રસંગે ખટકશે અમોને ખોટ તમારી, પળભરમાં છેતરી ગયા, ઈશ્વરને પુછીશુ તમારે ખજાને કયાં ખોટ પડી, અમારે જેની ખુબ જરૂર હતી તેની તમને શું જરૂર પડી ગઈ,
અમારા હૃદયમાં સ્મૃતિ રહેશે સદાય તારી..
પ્રભુ તમારા દિવ્ય આત્માને શાંતિ અર્પે એજ અમારી હૃદયપૂર્વકની શ્રદ્ધાંજલિ
લિ.
દિનેશભાઈ ચેલાભાઈ પટેલ (પિતાશ્રી) રેવાબેન દિનેશભાઈ પટેલ (માતૃશ્રી)
રીટાબેન રાજુભાઈ પટેલ (USA) વર્ષાબેન નલીનભાઈ પટેલ (USA)
આસ્તીબેન અજયભાઈ પટેલ (USA) રશ્મીબેન (બકી) નિર્મલભાઈ પટેલ (USA)
વિવાન્ન તુષારભાઈ પટેલ (પુત્ર) (USA)



દુઃખદ અવસાન-બેસણું



સ્વ. પુષ્પાબેન વિજયસિંહ બારોટ ઉ.વ.૯૩
તા ૧૪/૦૯/૨૦૨૬
દિલગીરી સહ જણાવવાનું કે અમારા માતૃશ્રી ગં.સ્વ. પુષ્પાબેન વિજયસિંહ બારોટ ઉ.વ.૯૩ તા ૧૪/૦૯/૨૦૨૬ના રોજ દેવલોક પામ્યા છે.
સદ્‌ગતનુ બેસણુ તા. ૧૮/૦૯/૨૦૨૬ને શુક્રવાર રોજ સવારે ૧૧.૦૦ થી ૧.૦૦ કલાક દરમ્યાન નીચેના સ્થળે રાખેલ છે.
બેસણાનું સ્થળ : SVP ગેસ્ટહાઉસ
મહિડા ભવન પાસે, ઈચ્છનાથ સર્કલ સુરત ૩૯૫૦૦૭
લિ.
સનત વિજય સિંહ બારોટ(પુત્ર) પ્રિતી (ઉષા) સનત બારોટ (પુત્રવધુ)
નિરાલી - ડૉ. અંકિત બારોટ (પૌત્રવધુ-પૌત્ર)
વૈદેહી - પાર્થ બારોટ (પૌત્રવધુ-પૌત્ર)
હરિની આરાધ્યા (પ્રપૌત્રી)
શૌર્ય (પ્રપૌત્ર)